## વિષય:- ગુજરાતી ધોરણ:- 6 પ્રથમ સત્ર

## પાઠ :- 6 રાષ્ટ્રીય શાયર.. ઝવેરચંદ મેઘાણી યુનિટ ટેસ્ટ કુલ ગુણ ૨૫

..................................................................................................

**1. પાઠ મનમાં વાંચો. પાઠમાંના અર્થ પ્રમાણે નક્કી કરો કે વાક્ય સાચું છે કે ખોટું. તે પ્રમાણે વાક્યોની સામે √ કે X કરો. 8**

1. 'સિંધુડો'નાં કાવ્યો વાંચનાર કે સાંભળનારનો અંગ્રેજ સરકાર વિરુદ્ધ ગુસ્સો વધી જતો હતો.
2. ઝવેરચંદ શરમાળ હતા પણ તેમને ઘણા મિત્રો હતા.
3. ઝવેરચંદ પહાડ, ઝરણાં, વનરાજી વચ્ચે મોટા થયા.
4. પોતાની વાછરડીને સિંહથી બચાવનારી ચારણની છોકરીને જોઈને ઝવેરચંદે 'ચારણ કન્યા ગીત રચ્યું.
5. ઝવેરચંદે બધી વાર્તાઓ જેમ બોલાતી હોય તેમ જ લખી છે.
6. મેઘાણીએ બાળકો. કિશોરો અને મોટેરાં એમ બધાં માટે ગીતો, વાર્તાઓ લખ્યાં છે.
7. હીરબાઈ, આલેક કરપડો, જોગીદાસ ખુમાણ, દાના, ભગત સત દેવીદાસ વગેરે જીવતા જાગતા માણસો હતાં.
8. ઝવેરચંદ મેઘાણી લોકકથાકાર તરીકે પ્રખ્યાત છે.

**2. પ્રશ્નોના જવાબ આપો : 10**

1. મેઘાણીને ક્યાં કયાં ઉપનામ મળ્યાં હતાં?

2. લોકસાહિત્ય એકઠું કરવામાં મેઘાણીને કઈ કઈ તકલીફો પડી હતી?

3. ઝવેરચંદ પોતાને 'પહાડનું બાળક' કેમ માનતા હતા?

4. ઝવેરચંદ વૅકેશનમાં લાખાપાદર શા માટે પહોંચી જતા?

**3. મેઘાણીએ કઈ રીતે લોકસાહિત્ય એકઠું કર્યું? ઘટનાક્રમ યોગ્ય રીતે ગોઠવો. 7**

- સૌરાષ્ટ્રમાં ગામડે ગામડે ફરે.
- જેને ગીત યાદ હોય તે બોલે અને મેઘાણી તે લખી લે.
- ઘરે પહોંચીને લખાણ સરખું કરે લોકોને ગમે તે રીતે સુધારા કરે.
- મળેલી વાત પરથી વાર્તા બનાવે.
- એ વ્યક્તિએ ખાસ કામ કર્યું હોય તો તેની વાતો લોકો પાસેથી જાશે.
- લોકો વાત કરે તે નોંધ લે.
- આવાં ગીત અને વાર્તાઓ ભેગાં થાય એટલે તેની ચોપડી છપાવે.

**ઘટનાક્રમ:-**

1.

2.

3.

4.

5.

6.

7.